# SAURASHTRA UNIVERSITY

University Campus, University Road,
Rajkot – 360005
Phone No.: (0281) 2578501 / FAX No.: (0281) 2576347


---

નં.પીજીટીઆર/૧/૪૪૩૧૩૪૬ /૨૦૨૫ તા.૦૪/૦૨/૨૦૨૫

વિષય :- શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ની પીએચ.ડી.પ્રવેશ બીજા રાઉન્ડ માટેની **D.R.C.**નું આયોજન બાબત.

સંદર્ભ :- અત્રેના વિભાગની તા.૦૧/૦૨/૨૦૨૫ નોંધ પર પ્રાપ્ત આદેશ.

સુધારા પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સ્થિત તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા જે વિષયનું ભવન નથી તેવા વિષયો જેવા કે, **PERFORMING ARTS** અને **POLITICAL SCIENCE** વિષયના ચેરમેનશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ની પીએચ.ડી.પ્રવેશ બીજા રાઉન્ડ માટેની **D.R.C.**નું આયોજન નીચેની બાબતોને ધ્યાને લઈને કાળજીપૂર્વક કરવાનું રહેશે.આપના ભવનમાં DRC લાયક તમામ વિદ્યાર્થીઓને DRCની જાણકારી આપવાની તથા DRC પૂર્ણ કર્યા બાદ મેરીટ લીસ્ટ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાનું રહેશે અને તેની જાણ PGTR વિભાગને બીજે દિવસે જ કરી દેવાની રહેશે જેથી વિદ્યાર્થીઓનું સમયસર પીએચ.ડી. રજીસ્ટ્રેશન થઈ શકે.

શોધ સ્કોલરશીપ માટે KCG દ્વારા અરજી કરવાની છેલ્લી તા.૨૮/૦૨/૨૦૨૫ હોય ત્યારે આપના ભવનની DRC શક્ય હોય તેટલી વહેલી તકે આયોજિત કરવી. જેથી વધારે વિદ્યાર્થીઓ શોધ સ્કોલરશીપનો લાભ લઈ શકે.

(૧) પીએચ.ડી.પ્રવેશ માટેની **D.R.C.** આગામી તા.૨૦/૦૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. અને પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓના ફોર્મ PGTR તા.૨૧/૦૨/૨૦૨૫ સુધીમાં અચૂક જમા કરાવવાના રહેશે.

(૨). શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ની પીએચ.ડી.પ્રવેશ બીજા રાઉન્ડ માટેની **D.R.C.** માં વિષય નિષ્ણાતશ્રી તરીકે જે વિષય નિષ્ણાતશ્રી ની નિમણુક પ્રથમ રાઉન્ડ માટે કરેલ હતી તેમેને જ બોલાવવાના રહેશે.

(૩) **D.R.C.**નું સમયપત્રક તથા ઉમેદવારોને ફાળવેલ માર્ગદર્શકશ્રીની યાદી ભવનના નોટીસ બોર્ડ પર તેમજ યુનિવર્સીટી અને ભવનની વેબસાઈટ ઉપર મુકવાની રહેશે.

(૪) દરેક ભવને DRC જે દિવસે પૂર્ણ થાય તે જ દિવસે પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓની માહિતી આ સાથે ના પરિશિષ્ટ – ૧ મુજબ PGTR વિભાગને અચૂક મોકલી આપવાની રહેશે.

(૫) Table – 2 માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ની પીએચ.ડી. પ્રવેશ બીજા રાઉન્ડ માટેની જે વિદ્યાર્થીઓ DRC માટે લાયક થયેલ છે તેમણે ભૂતકાળ માં UGC-NET/GSET કે સૌરાષ્ટ્ર યુનીવર્સીટી ની PET પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ ની માર્કશીટ માં મેળવેલ ગુણ દર્શાવેલ હોય તો તે જ ગુણ ધ્યાને લેવાના રહેશે. તથા વિદ્યાર્થીએ મેળવેલ ગુણ ના અનુક્મે ૭૦ % અને ૩૦ % ભાર મુજબ ગણતરી કરી નિયમાનુસાર મેરીટ લીસ્ટ બનાવી PGTR વિભાગને મોકલી આપવાની રહેશે.

(૬) Table – 2 માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ની પીએચ.ડી.પ્રવેશ બીજા રાઉન્ડ માટેની જે વિદ્યાર્થીઓ DRC માટે લાયક થયેલ છે તેમણે ભૂતકાળ માં UGC-NET/GSET કે સૌરાષ્ટ્ર યુનીવર્સીટી ની PET પાસ કરેલ હોય અને વિદ્યાર્થીઓ ની માર્કશીટ માં મેળવેલ ગુણ દર્શાવેલ ન હોય તો સામાન્ય કેટેગરીના વિદ્યાર્થીઓના ૫૦ ગુણ અને અનામત કેટેગરીના વિદ્યાર્થીઓના ૪૫ ગુણ ધ્યાને લેવાના રહેશે. તથા વિદ્યાર્થીએ મેળવેલ ગુણ ના અનુક્મે ૭૦ % અને ૩૦ % ભાર મુજબ ગણતરી કરી નિયમાનુસાર મેરીટ લીસ્ટ બનાવી PGTR વિભાગને મોકલી આપવાની રહેશે.

(૭) નિયત થયેલ તારીખ સુધીમાં DRC પૂર્ણ કરી આ સાથે મોકલાવેલ Table – 2 મુજબ સ્ટેટમેન્ટ તૈયાર કરી, મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને ગાઈડ ફાળવી PGTR વિભાગને રજીસ્ટ્રેશનની પ્રકિયા માટે આપવાનું રહેશે.

(૮) દરેક ભવને DRC અંગેના કાર્યક્રમની એક નકલ PET – ૨૦૨૪ – ૨૫ ના કો.ઓર્ડીનેટરશ્રીને અને PGTR વિભાગને મોકલી આપવાની રહેશે.

કુલસચિવ

બીડાણ :- (1) પરીશિષ્ટ -૧ (2) D.R.C.ની માર્કીંગ સ્કીમ

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

૨.માન.કુલપતિશ્રી ૩.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી